સૂરીશ રામના ૮૯મા વર્ષના જન્મપ્રવેશ દિને

[illegible]

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# પ્રણિત-પ્રસાદી

## (માત્ર સાધુ સાધ્વી માટે)

-:: પ્રેરણા દાતા ::-

પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત

ગુરુદેવશ્રી રામસૂરીશ્વરજી મહારાજા

( ડહેલા વાળા )

-:: પ્રકાશક ::-

આચાર્ય વિજય સુરેન્દ્ર સૂરી જૈન તત્વજ્ઞાન શાળા

www.jaintatvagyanshala.org

ઝવેરી વાડ, અમદાવાદ

કૈલાસનગર, સુરત

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



અપ્રતિમ પ્રતિભાસંપન્ન પરમ તારક ગુરૂદેવ શ્રી
પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગુરૂ કૃપા સમર્પણે,ધરી જ્ઞાનની નીચોડતા,
જૈન વ્યાખ્યાન વાચસ્પતિ બિરૂદને શોભાવતા,
મૈત્રીતણી માધુર્યતા,ગુણીજને ગુણરાગતા,
પ્રતિભાશાલી “સુરેન્દ્ર સૂરીશ્વર” ચરણ કમલે વંદના.........

www.jaintatvagyanshala.org

सूरीश रामना ८८मा वर्षना जन्मप्रवेश दिने

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

पूज्यपादश्री नी वचनामृत स्वरूप संयम साधक

# પુનિત-પ્રસાદી

## (मात्र साधु साध्वी माटे)

-:: પ્રેરણા દાતા ::-

प.पू. गच्छाधिपति आचार्य भगवंत

ગુરુદેવશ્રી રામસૂરીશ્વરજી મહારાજા

( ડહેલા વાળા )

-:: પ્રકાશક ::-

आचार्य विजय सुरेन्द्र सूरी जैन तत्वज्ञान शाળા

ઝવેરી વાડ, અમદાવાદ

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# પ્રસ્તાવના

શાસનશિરતાજ,ગીતાર્થમૂર્ધન્ય શ્રમણ સંઘ સ્થવિર,તપા ગચ્છાધિપતિ પૂજયશ્રી રામસૂરીશ્વરજી મહારાજ(ડહેલાવાળા) શાસન અને સમુદાયનાં સાધુ-સાધ્વી સતત જ્ઞાન-ધ્યાન-તપ ત્યાગમાં અને આત્મચિંતન માં સતત સતર્ક રહે તે માટે સદૈવ સચિંત છે.

પૂજયશ્રીની હિતશિક્ષામાંથી પ્રાપ્ત થયેલ આ પૂનિત પ્રસાદી રૂપ નિયમાવલિ પૂજયશ્રીનાં ૮૯ માં વર્ષનાં પ્રવેશદિને પ્રગટ થઈ રહી છે. આ પુનિત પ્રસાદીનાં નિયમો ખાસ આત્મ જાગૃતિ સતત રહે તે માટે અને ન બની શકે તો નાના એવા દંડ પુર્વક સ્મૃતિ પટમાં રહે તે માટે આપેલ છે. ખરેખર જ્ઞાની ભગવંતની દ્રષ્ટિએ દંડ બહુ મોટા છે પણ આ ભાવો સ્મરણમાં શ્રધ્ધામાં સ્થિર બની અભ્યાસગત થાય તે માટે એક નિયમ દીઠ ન બની શકે તો તે દિવસે દંડ રૂપે ત્રણ ગાથા અથવા ત્રણ નવકાર મંત્ર અનુકુળતાએ ગણવા. આ રીતે આત્મ જાગૃતિમા પ્રતિદિન પ્રગતિશીલ બનવા માટે અભ્યર્થના......!

ગુરૂ કૃપાકાંક્ષી

જગચ્ચન્દ્ર સૂરિ.

www.jaintatvagyanshala.org

Aacharya Shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૮૮ વર્ષની સુદીર્ઘવયે અસહ્ય વેદના છતાં
જેઓશ્રીના રોમ રોમમાં .....શ્વાસ અને પ્રતિશ્વાસમાં....
શાસન-સંઘ-શાસ્ત્ર અને સમુદાયના યોગ ક્ષેમની ભાવના
વહી રહી છે.તેવા પરમ ગીતાર્થ શિરોમણિ સુવિશાલ
ગચ્છનાયક ગુરૂદેવશ્રી **રામસૂરીશ્વરજી મહારાજા**ના

૮૯ મા પુનિત જન્મ દિવસ પ્રસંગે શાસન દેવને પ્રાર્થના.......!
નિરામય સ્વાસ્થ્ય સાથે દીર્ઘાયુ બનો.
શાસન સંઘ અને સમુદાયનું યોગક્ષેમ કરવા બળ આપો એવી
અંતઃકરણથી શુભેચ્છા....! મહેચ્છા....! અંતરેચ્છા....!

## ::: ગુરૂ સ્તુતિ :::

સંયમમાં શુરવીરતા, સાગર સમ ગંભીરતા,
સ્વાધ્યાયમાં રસિકતા, જ્ઞાન ધ્યાનમાં અતિમગ્નતા
તપ ત્યાગમાં કઠોરતા, પ્રતિબોધવામાં દક્ષતા,
સૂરિ રામ ગુરૂ પાદારવિંદે મમ કોટી કોટી વંદના...

:: સૌજન્ય દાતા ::
કાંતાબેન ખૂમચંદભાઈ અજબાણી પરીવાર (ધાનેરા વાળા)
સુરેશભાઈ - દમયંતીબેન
પિન્કી, ઋષભ, અભિષેક, રિદ્ધી

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# નિયમાવલી

૧. બ્રાહ્મ મુહુર્તે આત્મજાગરિકા કરવી.(હું કોણ, ક્યાંથી આવ્યો ?)

૨. રત્નત્રયીની જીવનમાં સદા વૃધ્ધિ થાઓ એવી ભાવના

૩. સ્વાધ્યાય સાધુ જીવનનો પ્રાણ છે માટે ઓછા માં ઓછો ૩૦૦ ગાથાનો સ્વાધ્યાય કરવો.

૪. યથા શકિત નવી ગાથા કરવી.

૫. ૨૫ ગાથાનો અર્થ સાથે સ્વાધ્યાય.

૬. જૂના સૂત્રની પાંચ ગાથા કરવી.

૭. જ્ઞાન-દર્શન-ચારિત્રના અતિચારની આલોચના રોજ લખવી.

---

સ્વાધ્યાય-તપ અને સંયમનાં આચરણમાં શ્રમ કરે તે શ્રમણ;સહન કરે તે સાધુ.



www.jaintatvagyanshala.org

Aacharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૮. પ્રભુના પૂર્ણ સ્વરૂપને જાણવાની ઈચ્છા પ્રગટાવવી.

૯. પાંચતિથિ ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવુ.

૧૦. દેરાસરમાં ચૈત્યવંદન કરતાં સૂત્ર-અર્થ-પ્રતિમા માં ધ્યાન રાખવું.

૧૧. નિદ્રા ઘટાડવા પ્રયત્ન કરવો.

૧૨. પ્રમાદ ઘટાડવા પ્રયત્ન કરવો.

૧૩. વડીલ ગુરૂમહારાજ પધારે ત્યારે વિનયાદિ કરવા.

૧૪. ગુરૂમહારાજને ''આપ''શબ્દથી સંબોધવા.

૧૫. મુહપત્તિનો ઉપયોગ. (બોલવા, ખાંસી,છીંક અને બગાસામાં)

---

મનને સ્થિર કરવાના ત્રણ માર્ગ :-ભકિત,વૈરાગ્ય અને જ્ઞાન



www.jaintatvagyanshala.org

Acharya Vijayshri Surendrasurishwarji Jain Tatvagyanshala

૧૬. ઓછામાં ઓછું બે કલાક મૌન કરવું.

૧૭. સહનશીલતા વધારવા પ્રયત્ન કરવો.

૧૮. પ્રતિક્રમણ ઉભયટંક ઉભાઉભા કરવું.

૧૯. આવશ્યક ક્રિયા ભાવપૂર્વક એકાગ્રચિત્તે કરવી.

૨૦ પ્રતિક્રમણાદિ ક્રિયાના સુત્રોચ્ચાર શુદ્ધ,પદ, સંપદા, મુદ્રા સહિત બોલવું.

૨૧. સહવર્તી સાથે મૈત્રીભાવથી વર્તવું.

૨૨. કર્કશ ભાષાનો પ્રયોગ ન કરવો.

૨૩. સહવર્તીનો એક ગુણ રોજ વિચારવો.

૨૪. ગુરૂ મહારાજને રોજ પોતાનો દોષ પુછવા જવું.

ઈચ્છા પાલન સંસાર વધારે છે આજ્ઞા પાલન સંસાર કાપે છે.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૨૫. સંયમજીવનની પ્રત્યેક પળનો પૂરે પૂરો ઉપયોગ કરવો.

૨૬. ગૃહસ્થનો અતિ પરિચય ન કરવો.

૨૭. કોઈપણ ચીજ વડીલને પુછી લેવી દેવી.

૨૮. વડીલ તથા અન્ય મહાત્માની ભક્તિ કરવી.

૨૯. માંડલીનું કામ વ્યવસ્થિત-સમયસર-જયણા પુર્વક કરવું.

૩૦. કપડા-લુણા સુકવવા દોરી બાંધવી નહી બાંધી હોય તો સુર્યાસ્ત પહેલા છોડી દેવી.

૩૧. બારી બારણા ખોલ-બંધ કરતાં પુંજવુ.

૩૨. ગોચરી વાપરતાં બોલવું નહી.

૩૩. ગોચરી ૪૮ મિનીટમાં પૂરી કરવી.

---

જેને સમર્પિત થયા તેની સામે સવાલ ન હોય.
પણ સ્વીકાર જ હોય.

www.jaintatvagyanshala.org

૩૪. વહોરેલી ગોચરી ઉદારતાથી લેવી.

Aacharya Vijay shri [illegible] Tatvagyanshala

૩૫. માંડલીમાં સમયસર આવવું.

૩૬. અણાહારી પદની પ્રાપ્તિના લક્ષ્યથી ગોચરી વાપરવી.

૩૭. ગોચરી પ્રાયઃ દૂરના ઘરોમાં વિશેષ જવાની ભાવના રાખવી. (વીર્યાચારના પાલન માટે)

૩૮. આધાકર્મી પાણીનો વપરાશ ઘટાડવો, વાપરતાં દોષિત છે એમ વિચારવું.

૩૯. દિવસ દરમ્યાન ૭ માંડલી સાચવવી.

૪૦. સંધ્યાએ સ્થંડિલભૂમિ જોવી.

૪૧. ઈન્દ્રિયોના વિષયો અનિચ્છાએ પણ પોતાનું કાર્ય ન કરાવી જાય તે રીતે મનને સ્થિર રાખવું.

---

ગુરૂ ન આપી શકે તે ગુરૂપ્રત્યેની શ્રધ્ધા આપી શકે છે.



www.jaintatvagyanshala.org

૪૨. અનુકુળતાની ઈચ્છાઓને રોકવી, પ્રતિકુળતાને પ્રસન્નતા-પૂર્વક સ્વીકારવી.

૪૩. તપમાં ઈચ્છાનો રોધ લક્ષ્યમાં રાખવો.

૪૪. સર્વ આરાધનામાં કર્મક્ષયનું લક્ષ રાખવું.

૪૫. રત્નત્રયીને પોષક એવું જ વાંચન-વિચારો અને વાતો કરવી.

૪૬. સુર્યાસ્ત બાદ તરત દંડાસણનો ઉપયોગ રાખવો.

૪૭. સંથારા પોરસિ અર્થ સાથે વિચારીને સંથારો કરવો.

૪૮. કપડાનો કાપ જલ્દી ન કાઢવો. ઉજળા વસ્ત્રો સાધુને હાનિકારક છે.

---

રોજ ના ગુણ-દોષનું નિરીક્ષણ એ સાધુનું સાચુ સરવૈયું છે.


www.jaintatvagyanshala.org

Aacharya Shri Vijay Surendrasuriswarji Jain Tatvagyanshala

## દશવિધ સમાચારી ના પાલનનાં નિયમો.

૪૯. ઈચ્છાકાર : કોઈપણ મહાત્મા પાસે કોઈપણ કામ કરાવવું પડે તો તે મહાત્મા ની ઈચ્છા જાણીને મારૂં આ કામ કરી આપશો ? એમ નમ્ર ભાવે વિનંતી કરીને આ સમાચારી પાળી ? શું લાભ થયો ?

૫૦. મિચ્છાકાર : સહવર્તિ સાથે ખાસ અને કોઈ પણ જીવો પ્રત્યે દુર્ભાવ કે દ્વેષભાવ થયો હોય તો મિચ્છામિ દુક્કડમ્ આપીને આ સમાચારી પાળી ? પરસ્પર કેવો મૈત્રીભાવ સંધાયો ?

---

પ્રતિક્રમણ બેઠા બેઠા કરવું એ દોષ છે.
પણ બે ધ્યાનથી કરવું એ ગણધર ભ.ની આશાતના છે.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૫૧. તથાકાર : ગુરૂએ ફરમાવેલી કોઇપણ આજ્ઞાને તહત્તિકરીને આ સમાચારી પાળી ? ગુર્વાજ્ઞાના પાલનથી ગુરૂ પ્રત્યે વિનય-અહોભાવ અને સમર્પણ વધ્યું ?

૫૨. આવસ્સહિ : આવશ્યક કાર્ય માટે બહાર જતાં આ સમાચારી પાળી ? બિન આવશ્યક કાર્ય માટે બહાર ન જતાં શું ફાયદો થયો ? સ્વાધ્યાય વિ. માં વૃધ્ધિ થઇ ?

---

સાધનાની ત્રણ ભૂમિકા :-

(૧) નિમિત્ત નિગ્રહ.
(૨) ઈન્દ્રિય નિગ્રહ.
(૩) મનોનિગ્રહ-પછી પ્રભુનો અનુગ્રહ


www.jaintatvagyanshala.org

૫૩. નિસીહિ : દેરા-ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં આ
સમાચારી પાળી પ્રવેશતાં જ
શ્રમણ-શ્રમણી ભ. ને જોઈને
સદ્‌ભાવ પૂર્વક નમસ્કાર કર્યો ?

૫૪. પૃચ્છા : સંયમ સાધનામાં જરૂરી કોઈપણ કામ
ગુરૂ મહારાજ ને પુછીને જ કરવું
કર્યા બાદ વિચારવું કે આ સમાચારી
દ્વારા મારૂં મન ગુરૂ પારતન્ત્ર્યતાથી
કેવું નિયંત્રિત બન્યું ?

---

-: ગુરૂકૃપા પ્રાપ્ત કરવાનો મહામૂલો મંત્ર :-

(૧) વિનય

(૨) નમ્રતા

(૩) ગુરૂ સમર્પણ


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૫૫. પ્રતિપૃચ્છા : ગુ. મ. ને એકવાર પૂછ્યું. આજ્ઞા લીધી થોડીવાર પછી કાર્ય કરવાનું હોય તો ફરીને પ્રતિપૃચ્છા કરીને જ કાર્ય કરવું. આ સમાચારી દ્વારા ગુરૂ મ.ની કેટલી જવાબદારી અને હું કેટલો નિશ્ચિંત ? તે વિચારવું ?

૫૬. છંદણા : ગુર્વાદિક વડીલ,બાળ-વૃધ્ધ-ગ્લાન, તપસ્વી અને સહવર્તિ સર્વને સદ્‌ભાવ પૂર્વક ગોચરી જતાં પૂછવાની અને લાવ્યા બાદ.

૫૭. નિમંત્રણા : પધારો ? મને લાભ આપો ? આવો ઉલ્લાસ આજે કેળવ્યો ?

---

જ્ઞાન એ સંગ્રહ કરવા માટે નથી પણ પરિણતિ કેળવવા માટે છે.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૫૮. ઉપસંપદા : વિશિષ્ટ અભ્યાસ માટે કે વિશિષ્ટ સંયમ પાલન માટે સુયોગ્ય આચાર્ય પાસે ગુરૂ આજ્ઞા પ્રાપ્ત કરીને જવાનું વિધાન છે ?

---

ગચ્છાધિપતિ ગુરૂદેવ શ્રી **રામસુરીશ્વરજી** મ.સા.
૮૯ વર્ષની ઉંમરે અસાધ્ય બિમારીમાં
અર્થ અનુપ્રેક્ષા સહિત સૂત્રો ગોખે છે.આપણી ઉંમર કેટલી ?



www.jaintatvagyanshala.org

Aacharya Jayantbhai Surendras Jaswant Jain Tatvagyanshala



૫૯. ભાવના અનિત્ય : કુટુંબ-કંચન-કામિની-કાયા વગેરે પદાર્થોની અનિત્યતાનું ચિંતન તથા સંયમના સાધનો-શરીર ઉપાશ્રય આસન વગેરે અનિત્ય-સંયોગ-વિયોગ અનિત્ય એક આત્માનું સુખ જ નિત્ય આથી પદાર્થ કે વ્યક્તિનાં વિયોગમાં દુઃખનો અનુભવ થતો નથી.

---

ગુરૂદેવશ્રી **રામસૂરીશ્વરજી** મ.સા.
કર્મની ક્રુરતા સામે સમતા અને
સમાધિના સાગરમાં ઝીલે છે.આપણી સમતા કેટલી ?



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasurisvarji Jain Tatvagyanshala

૧૦ અશરણ : સંસારમાં રક્ષણ કરનાર કોઈ નથી આ અશરણતાથી સંસાર નો ભય ઉત્પન્ન થાય છે અને અરિહંત આદિ ચારે શરણ પ્રત્યે ઉલ્લાસ પ્રગટે છે.

૧૧. સંસાર : દુખરૂપ, દુઃખફલદ અને દુઃખાનું બંધી એવો આ સંસાર તેનાં કોઈ ખુણામાં અને કોઈ વસ્તુમાં આંશિક પણ સુખ નથી. કર્મ સંયોગે જીવને ચારે ગતિમાં ભ્રમણ છે અને કર્મ સંયોગ રાગ-દ્રેષના કારણે છે.

---

ગુરૂકુલ વાસ એટલે સકલ સંયમ ગુણોની સુવાસ.


www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasurishwarji Jain Tatvagyanshala

૧૨. અન્યત્વ : પોતાના સિવાય જડ કે ચેતન પદાર્થો અન્ય છે કર્મ સંયોગે ભેગા થાય છે. આ ભાવનાથી સ્વજનાદિ પ્રત્યે અને શરીરાદિ જડ પ્રત્યે રાગ ન થાય.

૧૩. એકત્વ : જીવ એકલો આવ્યો છે એકલો જવાનો છે. શુભાશુભ કર્મોને એકલો જ ભોગવે છે. આ ભાવનાથી સ્વજન ઉપર આસક્તિ ન થાય પરજન ઉપર દ્વેષ ન થાય અને નિસંગ ભાવથી મોક્ષ માટેપ્રવૃતિ કરવાની ભાવના જાગે.

---

નિંદા એ નરકગતિએ મોકલેલી નિમંત્રણ પત્રિકા છે.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૧૪. અશુચિ : શરીરમાં અશુચિપણાનો વિચાર :

શરીર નીચેના સાત કારણસર

અપવિત્ર

(૧) બીજ અશુચિ –

(૨) ઉપસ્ટંભ અશુચિ

(૩) સ્વયં અશુચિનું ભાજન

(૪) ઉત્પત્તિનું સ્થાન અશુચિ.

(૫) અશુચિ પદાર્થનો નળ

(૬) શક્ય પ્રતિકાર

(૭) અશુચિકારક આ ચિંતનથી

અજન્મા બનવાની ભાવના વધે.

---

ગુરૂકુલવાસથી છૂટો પડલો સંયમી સીદાય છે.



www.jaintatvagyanshala.org

Aacharya vijay suri Surendrasurisvarji Jain Tatvagyanshala

૧૫ આશ્રવ : મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ-
પ્રમાદનાં દ્વારોથી અનંત અનંત કર્મો
નો પ્રવાહ આત્મામાં આવી રહયો
છે. આની ભયંકરતા સમજાયા પછી
યથાશકિત આશ્રવ નિરોધ માટે
પ્રયત્ન.

૧૬. સંવર : ગુપ્તિ-સમિતિ-પરિષહજય ભાવના,
અનુપ્રેક્ષા આદી દ્વારા આવતા કર્મો
અટકે છે. અને સર્વ સંવરનું લક્ષ્ય
દ્રઢ બને છે.

---

ત્યાગી, તપસ્વી, જ્ઞાની, ધ્યાની એ લોકલ ટ્રેનો છે.
પણ સમભાવી એ શતાબ્દિ અને રાજધાની ટ્રેનો છે.


www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૧૭. નિર્જરા : કર્મક્ષય લક્ષ્યે તપ કરવામાં પરિષ
હાદિ સહન કરવામાં કોઈ જાતનું
અશુભ ધ્યાન થતું નથી બલ્કે
વધુને વધુ શુભ ધ્યાન થાય છે
આ શુભ ધ્યાન થી સર્વકર્મક્ષય
કરવા ભાવો દ્રઢ બને છે.

૧૮.લોક સ્વરૂપ : લોક -ઉત્પાદ-વ્યય ધ્રોવ્ય યુકત
છે. જગત પરિવર્તનશીલ છે. દ્રવ્ય
ગુણ પર્યાયની વિચારણાથી વાસ્ત
વિક બોધ સરળ બને છે.

---

રોજ એકવાર મનને પૂછો કે તું ગુરૂને માને છે.
કે ગુરૂનું માને છે.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૧૯. બોધિ દુર્લભ : મુક્તિ માર્ગ બહુ દુર્લભ છે.
અનંતકાળથી આ જીવ સંસાર
માં રખડી રહયો છે. ચત્તારી
પરમંગાણિ...આ. દુર્લભતા
વિચારવાથી મોક્ષમાર્ગમાં
સાવધાની રહે છે.

---

રોજ એકવાર મનને પૂછો કે તું ગુરૂને માને છે.
કે ગુરૂનું માને છે.


www.jaintatvagyanshala.org

૭૦. ધર્મભાવના :સમ્યગ્ દર્શનાદિ ધર્મ કેવો મહાન
છે? આવો ધર્મ વિતરાગ સિવાય
બીજો કોણ કહી શકે ? મન-
વચન-કાયાને ભાવની એકાગ્રતા
થી વ્યહવાર ધર્મ આચરવાનો છે,
અને આત્માનાં ગુણોના અભ્યાસ
અને પ્રગટીકરણ દ્વારા નિશ્ચય ધર્મ
આચરવાનો છે,છ-કાય જીવની
રક્ષા તે વ્યવહાર ધર્મ અને આત્મા
માં કોમળતા તે નિશ્ચય ધર્મ છે,
આ શ્રધ્ધા અને સમજણથી મોક્ષ
માર્ગની આરાધનામાં ઉલ્લાસની
વૃધ્ધિ થાય છે.

---

ન ભાવતાને નભાવતા આવડે તો જીવન નંદનવન

Aadhaiya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૫૫. ક્ષમા સહિષ્ણુતા માટે ક્રોધના નુકશાન :-

બાહ્ય જીવનમાં શારીરિક અને આધ્યાત્મિક જગતમાં અસર કરતા હોવાથી જીવ વિવેક ચુકે છે. તેનાં બદલે મારા કર્મનો ઉદય છે. સામી વ્યકિત નિમિત્ત માત્ર છે. સામે ક્ષમા દ્વારા લાભોની વિચારણા :- માનસિક સ્વસ્થતા અન્યને શાંતિનું પ્રદાન સામે અન્યની પ્રિતિનું સંપાદન થાય અને અશુભ કર્મ નવા ન બંધાય. પૂર્વ અશુભ કર્મની નિર્જરા થાય. અશુભ કર્મ શુભ બની જાય વગેરે આંતરિક લાભ થાય.

---

ગુરૂને પૂછ્યા વિના શિષ્ય કાંઇપણ કરે તો
ગુરૂઅદત નામનો દોષ લાગે.



www.jaintatvagyanshala.org

૭૨.માર્દવ : મદ-માન બંને અહંકારનાં સ્વરૂપ છે. આઠ પ્રકારનાં મદથી જીવ અશુભ કર્મ બાંધે છે. તેને સ્થાને મૃદુતા-નમ્રતા દ્વારા વડિલોનો વિનય નાના પ્રત્યે વાત્સલ્ય ભાવ દ્વારા આગળ વધું...

૭૩.આર્જવ : માયાનો અભાવ, સરળતા અથવા મન-વચન કાયાની ઐકયતા, આ ગુણથી માયા- કુડ-કપટ શઠપણું આદિ દોષોનો ત્યાગ થાય છે.

---

જેઓશ્રીના રોમ રોમમાં શાસન-સંઘ-શાસ્ત્ર અને
સમુદાયના યોગ ક્ષેમની ભાવના ભરી છે
તેવા ગુરૂદેવ ગચ્છા.શ્રી આલંબનને
પામીને આપણે શું કર્યું ?

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૭૪. મુક્તિ : લોભનો અભાવ અથવા અનાસક્તિ મને ધર્મનાં ઉપકરણ ઉપર પણ આસક્તિ નથી ને ? આ આસક્તિથી આત્મા મલિન બને છે. આ મલિનતા અનાશક્તિથી દુર થાય છે.

૭૫. સંયમ : મન-વચન-કાયાની શુભ પ્રવૃતિ અને ગુપ્તિમય યોગ.

૭૬. તપ : શરીર અને ઈન્દ્રિયોને તપાવવા દ્વારા આત્મ વિશુદ્ધિ કરે.

૭૭. ત્યાગ : બાહ્ય અને અભ્યંતર ઉપધિમાં ભાવ દોષ-મૂર્છાનો ત્યાગ તે ત્યાગ ધર્મ છે.

---

સમાધિમાં રમે અને રમાડે તે સાચો સંયમી


www.jaintatvagyanshala.org

૭૮. આકિંચન્ય : જ્યાં મમત્વનો અભાવ ત્યાં આ
કિંચન્ય એટલે કે તેની પાસે
કાંઈ નથી. હું અકિંચન ક્યારે
બનીશ

૭૯. બ્રહ્મચર્ય : આત્મભાવમાં રમવુ તે બ્રહ્મચર્ય,
આ ધર્મ સંયમ સાધનાનો મુખ્ય
આધાર છે.નવ વાડોનું પાલન
તે વ્યવહારથી બ્રહ્મચર્ય અને
આત્મા માં રમવું તે નિશ્ચયથી
બ્રહ્મચર્ય...

---

મનમાં રોજ મનન કરો :-
અંતર્મુખી સદા સુખી;બહિર્મુખી સદા દુઃખી.

www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Sudarshansuriswarji Jain Tatvagyanshala

૮૦. સત્ય : પદાર્થનું વાસ્તવિક દર્શન તે સત્ય છે.હે પરમાત્મા?આ દર્શન દ્વારા જ મારી આત્મોન્નતિ છે.ભૂત-ભાવિનાં પર્યાયો દેખાય તો રાગ ઘટે દા:ત: આહાર માં વિષ્ઠાના દર્શન

૮૧. શાસનનું ઋણ : હે શાસન માતા....! તારી ગોદમાં મારા સંયમ જીવનનો જન્મ થયો. મારૂ સંસ્કરણ વર્ધન તારા પ્રતાપે જ છે. પાંચમાં આરાના છેડા સુધી તું જયવંતુ છે.....

---

સિધ્ધ આનંદમાં મગ્ન....સાધુ સ્વાધ્યાયમાં મગ્ન....



www.jaintatvagyanshala.org

Acharya vijay Shri Su... arj ... Tatvagyanshala

૮૨. દેવનું ઋણ : અનંતગુણના ધારક સર્વ દોષોથી
રહિત પરમાત્મા નિગોદ થી માંડી
ને સંયમ જીવન સુધી વિકાસમાં
તારો ઉપકાર છે. બસ પ્રભુ તારી
આજ્ઞાપાલનની પાત્રતા તું મને
આપજે.......

૮૩. ગુરૂનું ઋણ : મારા દોષોનું-ખરાબભાવોનું ઉન્મૂ
લન આપજે કરી રહયા છો, મારા
વિષય કષાયોને દુર કરવા જે
પુરૂષાર્થે કરી રહયા છો તે
ઉપકારોનું સ્મરણ સતત મારા
હૈયામાં રહે.......

---



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૮૪. ધર્મનું ઋણ : ધર્મ તું જ મારો પ્રાણ છે. તુ જ મારૂ સત્ત્વ છે.મારી અનંત શકિત નો ઉઘાડ પણ તું જ છે.... મારા ગુણ દોષનું નિરીક્ષણ કરવાની શકિત પણ તું જ છે.

૮૫.પ્રતિક્રમણ પૂર્વે : દિવસ દરમ્યાનના પંચાચારમય મહાવ્રતનાં પાલનમાં પ્રમાદવશ જે કાંઈ ભુલ થઈ હોય તેનું આલો ચન કરૂ છું. જેની સાથે વિષમ તા ઉભી થઈ હોય તેની સાથે ક્ષમાપનાનો ભાવ કેળવી પ્રતિક્રમણ માટે ઉપસ્થિત થાઉં છું.

---

જ્ઞાન અને શુભધ્યાન એજ ચારિત્રની શોભા છે.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૮૬. પડિલહણ પૂર્વે : શ્રદ્ધાથી સર્વવિરતિની વિકાસ ક્રમ તે પડિલહણની ક્રિયાનું હાર્દ છે. લક્ષ અને પક્ષની દ્રઢતા છે.પૂર્વાપર બોલનું અનુસંધાન અને અત્યારની વર્તમાન પરિસ્થિતિનું ભાન થાય છે.

૮૭ સંયમ પ્રત્યે : રજોહરણ લેતી વખતે જે ભાવના હતી કે સિંહની જેમ સંયમ લઈને સિંહની જેમ

---

ગુરૂથી દૂર જનારો ગુણોથી દૂર જાય છે.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

પાળીશ ગુરૂ મહારાજની ભક્તિ કરીશ. કષ્ટોને સહીશ સ્વાધ્યાયમાં લીન બનીશ આ ભાવનાની અત્યારે વૃદ્ધિ છે કે ખોટ ?

૮૮. સહવર્તી પ્રત્યે : સંયમી સહવર્તીનાં દર્શન થતાં આનંદ ઉલ્લસે છે.? આ ભવમાં આ વેશમાં જ આ તક મળે છે. હે જીવ ! આ ઉત્તમ આત્મા ઓનાં ગુણ શોધનની દ્રષ્ટિ કેળવજે. ક્યાંય તિરસ્કાર ભાવ ન આવે તેની તકેદારી રાખજે.

---

હાથમાં ગ્રંથ હોય પંરતુ મનમાં ગ્રંથી હોયતો
નિગ્રંથ કેમ કહેવાય ?



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

૮૯. અષ્ટપ્રવચન માતા: સંયમ જીવનની માતા મારૂં
પાલન પોષણ એ તારી
જવાબદારી છે,અને તારી
આજ્ઞાનું પાલન તે મારી
જવાબદારી છે,ત્રણ ગુપ્તિમાં
લીનતા એ ઉત્સર્ગમાર્ગ છે
અને સમિતિમાંપ્રવૃતિ તે
અપવાદ માર્ગ છે, આની
બહાર હું ન નીકળું....
તે જ મારીઅભ્યર્થના છે.

---

પાત્રા મેળવવા સહેલા છે પણ પાત્રતા મેળવવી કઠીન છે.



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત
ગુરૂદેવ **શ્રી રામસૂરીશ્વજી** મહારાજા ( ડહેલા વાળા )

આપના સંયમ જીવનરૂપી નભોમંડળમાં ચારિત્રનોચાંદ,
સમતાનો સૂર્ય,ત્યાગ ના તારલા,નેતૃત્વના
નક્ષત્રો,ગંભીરતાના ગુણોનો પ્રકાશ પથરાઇ રહો....
આરાધના રૂપી અષાઢ માસમાં વૈરાગ્ય વાદળાંને
ગુણાનુરાગ નો ગડગડાટ વિસ્તાર પામો.
વિતરાગતાની વીજળીઓ ચમકી રહો,
www.jaintatvagyanshala.org
આપના જ્ઞાન [illegible] શિષ્ય-પ્રશિષ્ય સંતતિ નું
સંયમ બીજ ફાલે તેવી અંતરની શુભેચ્છા.......!

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

Printed By
SANJAY PLASTIC
www.jaintatvagyanshala.org
Sanjay Doshi -Mo.98252-97543
Katargam SURAT.